OnLine

રાજ્યના વિદ્યાર્થીઓને શિષ્યવૃતિની રકમની ચૂકવણી રોકડના બદલે ચેકથી કરવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક: પીઆરઈ-૧૨૧૩-૪૪૨-ક
સચિવાલય.ગાંધીનગર
તા.૧૫/૦૫/૨૦૧૩

વંચાણે લીધા : તા.૦૬/૦૪/૨૦૧૩ ના રોજ અગ્ર સચિવશ્રી શિક્ષણના અધ્યક્ષસ્થાને યોજાયેલ બેઠકની કાર્યવાહીની નોંધ

રાજ્યની પ્રાથમિક, ઉચ્ચ પ્રાથમિક, માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિ,અનુસૂચિત જન જાતિ, વિકસતી જાતિના વિદ્યાર્થીઓને સબંધિત ખાતાની શિષ્યવૃતિઓ અને ગણવેશ સહાય તેમજ સમાજ સુરક્ષા સહિત અન્ય ખાતાઓની શિષ્યવૃતિઓ રોકડમાં ચૂકવવામાં આવે છે તેના બદલે યોગ્ય પધ્ધતિ નક્કી કરવા માટે વંચાણે લીધેલ બેઠકમાં ચર્ચા વિચારણાને અંતે રાજ્યના વિદ્યાર્થીઓને શિષ્યવૃતિઓ ચૂકવવા માટે નીચે મુજબની કાર્ય પધ્ધતિ અમલમાં મૂકવાનું નક્કી કરવામાં આવે છે.

<u>ઠરાવ</u>

(૧) અનુસૂચિત જાતિ/જનજાતિ/વિકસતિ જાતિ ખાતાની પ્રી.એસ.એસ.સી. શિષ્યવૃતિઓ અને ગણવેશ સહાય તેમજ સમાજ સુરક્ષા ખાતાની શિષ્યવૃતિઓની રકમ રોકડમાં ચૂકવવાને બદલે ચેકથી ચૂકવવાની રહેશે.

(૨) આ શિષ્યવૃતિઓ,ગણવેશ સહાય ચેકથી ચૂકવવા માટે જે તે વિદ્યાર્થીઓના બેન્ક એકાઉન્ટ ખોલાવવા.જ્યાં વિદ્યાર્થીઓ સગીર (Minor) હોય અને પિતા /વાલીના બેન્ક એકાઉન્ટ હોય ત્યાં પિતા/વાલીઓના નામે ચેક લખવાના રહેશે. જે તે પિતા / વાલીના ખાતામાં વિદ્યાર્થીઓનું નામ સહ ખાતેદાર (co Account holder) તરીકે જોડવાનું રહેશે. પ્રિ.એસ.એસ.સી.શિષ્યવૃતિની સાથોસાથ જે વિદ્યાર્થીઓને ગણવેશ સહાય પણ મળવાપાત્ર થતી હોય તેમને આ બંન્ને યોજનાની રકમ ઉપર મુજબ એક જ સંકલિત ચેકથી ચૂકવવાની રહેશે.

(૩) જે વિદ્યાર્થી / વાલીઓના બેન્ક એકાઉન્ટ ખોલાવવાના બાકી હોય ત્યાં બેન્ક એકાઉન્ટ ખોલાવવા

માટેની ઝુંબેશ હાથ ધરવી અને તે માટે રાષ્ટ્રીયકૃત બેન્કોનો સહયોગ મળી રહે તે માટે કલેકટરશ્રી કક્ષાએ દરેક જિલ્લામાં બેન્કર સાથે બેઠક યોજીને ૧૦૦ ટકા બેન્ક એકાઉન્ટ ખોલાવવાની કાર્યવાહી કરવાની રહેશે.ગ્રામ્ય વિસ્તારોની શાળાઓના વિદ્યાર્થીઓના બેન્ક એકાઉન્ટ ખોલાવવા માટે જિલ્લા વિકાસ અધિકારી કક્ષાએથી સમીક્ષા બેઠક યોજીને કામગીરી પૂર્ણ કરવાની રહેશે

(૪) જે તે શાળાઓએ શિષ્યવૃતિ/ગણવેશની દરખાસ્ત તૈયાર કરતી વખતે વિદ્યાર્થી/વાલીના બેન્ક એકાઉન્ટ/શાખાનું નામ અવશ્ય દર્શાવવાનું રહેશે.. તે માટે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અને જિલ્લા શિક્ષણાધિકારીએ તમામ શાળાઓને સૂચના આપવી અને તેનો ચૂસ્તપણે અમલ કરાવવો.

(૫) સરકારી/પ્રાથમિક, માધ્યમિક,ઉચ્ચ માધ્યમિક શાળાઓ ઉપરાંત સરકારશ્રીની ગ્રાન્ટેડ/ નોન ગ્રાન્ટેડ શાળાઓમાં પણ ઉપરોકત પધ્ધતિ દાખલ કરવાની રહેશે.

(૬) બેન્ક એકાઉન્ટ ખોલાવવાની બાબતથી લઈને ચેકથી શિષ્યવૃતિ ચૂકવવા સુધીની તમામ કામગીરીના મોનીટરીંગ માટે જિલ્લા કક્ષાએ જિલ્લા વિકાસ અધિકારીશ્રીના અધ્યક્ષ સ્થાને એક સમિતિ બનાવવાની રહેશે. જેમાં જિલ્લા શિક્ષણાધિકારી,જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી,જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારી ,જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી(પં), તકેદારી અધિકારી(અનુ.જનજાતિ),જિલ્લા નાયબ નિયામક(વિ.જા.), જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી(વિ.જા), જિલ્લા સમાજ સુરક્ષા અને બાળ લગ્ન પ્રતિબંધક અધિકારી અને લીડબેન્ક ડિસ્ટ્રિક્ટ મેનેજરની એક સમિતિ બનાવવાની રહેશે. આ સમિતિના કન્વીનર તરીકે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી તથા સહ કન્વીનર તરીકે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી(પં) કામગીરી કરશે. આ સમિતિ અઠવાડિક બેઠકો કરીને, સમીક્ષા કરીને આ પધ્ધતિનો સફળતા પૂર્વક અમલ થાય તે માટેની તમામ કામગીરી કરશે.

(૭) પ્રાથમિક તબક્કે વર્ષ ૨૦૧૩-૧૪ માં ચેકથી પેમેન્ટ કરવા માટે આ પધ્ધતિ અમલમાં મૂકવાની રહેશે. અને ત્યાર પછીના વર્ષથી સંપૂર્ણ ડેટાબેઝ તૈયાર કરીને ઈ.સી.એસ થી જે તે વિદ્યાર્થીઓના બેન્ક ખાતામાં રકમ જમા થાય તે પ્રમાણે ચૂકવણી કરવાની રહેશે.

(૮) બેન્ક એકાઉન્ટ અંગેનો ડેટાબેઝ તૈયાર કરી અન્ય વિભાગો તથા ખાતાઓને કે જેમાં વ્યક્તિલક્ષી યોજનાઓનો અમલ થતો હોય તેવા વિભાગોને મોકલી આપવાનો રહેશે. જેથી તે આધારે લાભાર્થીઓના ખાતામાં જે તે યોજનાની લોન/સહાય જમા કરાવી શકાય.

૨/ આ હુકમો સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,આદિજાતિ વિકાસ વિભાગ અને નાણાં વિભાગના પરામર્શમાં રહીને તેમની અનુમતી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના નામે અને તેમના હુકમથી

(સંગીતા સિંહ)
અગ્ર સચિવ(પ્રા.શિ)
શિક્ષણ વિભાગ

પ્રતિ.

૧. માન.મંત્રીશ્રી,શિક્ષણના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર

૨ માન.મંત્રીશ્રી,સામાજિક ન્યાય અને અધિકારીતાના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર

3 માન.મંત્રીશ્રી,આદિજાતિના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર

૪. માન.રા.ક.મંત્રીશ્રી,શિક્ષણના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર

૫.અગ્ર સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૬ અગ્ર સચિવશ્રી,સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય,ગાંધીનગર

૭. અગ્ર સચિવશ્રી,શિક્ષણ વિભાગ,સચિવાલય,ગાંધીનગર

૮. અગ્ર સચિવશ્રી,સામાન્ય વહીવટ વિભાગ,સચિવાલય,ગાંધીનગર

૯. કમિશ્નરશ્રી,આદિજાતિ વિકાસ,ગાંધીનગર

૧૦. નિયામકશ્રી,પ્રાથમિક શિક્ષણ,પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી.ગાંધીનગર

૧૧.નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણ,ગુ.રા.,ગાંધીનગર

૧૨.નિયામકશ્રી,વિકસતી જાતિ કલ્યાણ,ગુ.રા.,ગાંધીનગર

૧૩. નિયામકશ્રી,સમાજ સુરક્ષા ખાતુ,ગુ.રા,ગાંધીનગર

<u>નકલ જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારૂ</u>

૧ જિલ્લા કલેકટરશ્રી, તમામ

૨ જિલ્લા વિકાસ અધિકારીશ્રી, તમામ

3 જિલ્લા પછાત કલ્યાણ અધિકારીશ્રી / જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (પં), તમામ

૪ તકેદારી અધિકારીશ્રી, (અ.જ.જા.) તમામ

૫ જિલ્લા નાયબ નિયામકશ્રી, (વિ. જા.) જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી, (વિ. જા.) તમામ

૬ જિલ્લા સમાજ સુરક્ષા અને બાળ લગ્ન પ્રતિબંધક અધિકારીશ્રી, તમામ

૭ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી / જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ